# પીતરની પત્ની અને સાસુ
## ફાધર વર્ગીસ પોલ

લગ્ન કરેલા કોઈ પણ પુરુષના જીવનમાં બે મહત્વપૂર્ણ અને નોંધપાત્ર વ્યક્તિઓ તેની પત્ની અને સાસુ હોય છે. પ્રથમ ત્રણ શુભસંદેશકારો માથ્થી, માર્ક અને લૂકે ઈસુ પીતરના ઘરે ગયાની અને તેમની સાસુને તાવમાંથી સાજી કર્યાની વાત કરી છે.

આ રીતે શુભસંદેશ પીતરની સાસુની વાત કરે છે ત્યારે આપણે માની શકીએ કે પીચર લગ્ન કરેલો માણસ છે અને તેની પત્ની જોડે પીતરની સાસુ પણ ઘરે છે. શુભસંદેશકારોએ આપણને આ બંને સ્ત્રીઓનાં નામો આપ્યાં નથી. પીતરની પત્નીનો તો સીધો ઉલ્લેખ પણ નથી. છતાં શુભસંદેશકારોએ જે વાત કરી છે તેમાંથી આપણે આ બંને સ્ત્રીઓ વિશે કેટલીક બાબતો કલ્પી શકીએ છીએ.

માથ્થીએ પોતાના શુભસંદેશમાં લખ્યું છે કે, ઈસુ પીતરના ઘરમાં ગયા, તો તેમણે તેની સાસુને તાવથી પથારીમાં પડેલી જોઈ. તેમણે તેનો હાથ પકડતાં જ તેનો તાવ ઊતરી ગયો અને તે ઊઠીને ઈસુની સેવા કરવા લાગી(માથ્થી ૮, ૧૪-૧૫).

માર્કે કરેલી એની એ જ વાતની વિગતોમાં થોડોક તફાવત જોઈ શકીએ. માર્કે લખ્યું છે કે, પછી સભાગૃહમાંથી નીકળીને તેઓ યાકોબ અને યોહાનને લઈને સિમોન અને આંદ્રિયાને ઘેર ગયા. સિમોનની સાસુ તાવથી પથારીવશ હતી, અને તરત જ લોકોએ ઈસુને તેની વાત કરી. ઈસુએ પાસે આવીને તેને હાથ પકડીને બેઠી કરી એટલે તેનો તાવ ઊતરી ગયો, અને તે તેમની સેવા કરવા લાગી(માર્ક ૧, ૨૯-૩૧).

લૂકે કરેલી એની એ જ વાત માથ્થી કરતાં માર્કે કરેલી વાત સાથે વધારે સામ્ય ધરાવે છે. સભાગૃહમાંથી નીકળીને ઈસુ સિમોનને ઘેર ગયા. સિમોનની સાસુને સખત તાવ આવેલો હતો. તે લોકોએ ઈસુને તેને સાજી કરવા વિનંતી કરી. તેમણે તેના ઉપર ઝુકીને તાવને આજ્ઞા કરતાં તેનો તાવ ઊતરી ગયો અને તે એકદમ ઊભી થઈને તેમની સેવા કરવા લાગી(લૂક ૪, ૩૮-૩૯).

માર્કની વાત મુજબ ઈસુએ પીતરની સાસુને હાથ પકડીને બેઠી કરી. એટલે તેનો તાવ ઊતરી ગયો, અને તે તેમની સેવા કરવા લાગી. લૂકે આપેલી વિગતો મુજબ ઈસુએ પીતરની સાસુ ઉપર ઝૂકીને તાવને આજ્ઞા કરતાં તેનો તાવ ઊતરી ગયો અને તે એકમદ ઊભી થઈને તેમની સેવા કરવા લાગી. માર્કમાં ઈસુ સાસુનો હાથ પકડીને સાજી કરે છે અને લૂકમાં ઈસુ પીતરની સાસુ પર ઝૂકીને તાવને આજ્ઞા કરતાં તેનો તાવ ઊતરી જાય છે.

આપણે જાણીએ છીએ તેમ ઈસુના જાહેરજીવનમાં ઈસુનું પોતાનું ઘર નહોતું (જુઓ માથ્થી ૮, ૨૦). પોતાના જાહેરજીવન દરમિયાન ઈસુ પોતાના શિષ્યો સાથે ગામેગામ ફરીને ઈશ્વરના રાજ્યની ઘોષણા કરતા હતા. તે વખતે ઈસુ અને શિષ્યો જે ઘરમાં ખાવાનું અને માથું મેલવાનું ઠામ મળે ત્યાં રહેતા હતા.

ઇસુ એમના ત્રણ શિષ્યો એટલે ફિલિપ તથા પીતર અને તેના ભાઈ આંદ્રિયાના ગામ બેથસૈદાના સભાગૃહમં ઉપદેશ આપીને બે શિષ્યો યાકોબ અને તેના ભાઈ યોહાનની સાથે પીતરને ઘેર પહોંચ્યા. ત્યાં પીતરની સાસુને તાવથી પીડાતી જોઈને ઈસુએ એને સાજી કરી અને તરત જ તે પોતાના ઘરે આવેલા બધા આગંતુકોની સેવા કરવા લાગી ગઈ.

આ પ્રસંગના વર્ણનમાં ત્રણેય શુભસંદેશકારોએ પીતરની પત્નીની વાત કરી નથી; પણ ફક્ત એમની સાસુની વાત કરી છે. કેમ ? આપણે જાણીએ છીએ કે ઈસુ ગામે ગામે ઉપદેશ કરતા હતા તે દરમિયાન કેટલીક ભાવુક સ્ત્રીઓ પણ ઈસુના શિષ્યો સાથે ગામે ગામ જતી હશે અને તેમની જોઈતી વ્યવસ્થા પોતાનું ગાંઠનું ખર્ચીને કરતી હશે. આમ, પીતરની પત્ની ઈસુ અને શિષ્યો સાથે ફરતી હતી ત્યારે પીતરના ઘરની બધી વ્યવસ્થા અને મહેમાગીરી એમની સાસુ જ કરતી હશે. એટલે માર્કે પોતાના શુભસંદેશમાં ઈસુને ક્રૂસે ચડાવવામાં ત્યારે ખાસ નોંધ્યું છે કે, કેટલીક સ્ત્રીઓ પણ દૂર રહી રહી જોતી હતીએ વર્ણનમાં કેટલીક સ્ત્રીઓનાં નામો આપ્યા પછી માર્કે ખાસ કહ્યું છે કે, ઉપરાંત ઈસુની સાથે યરુશાલેમ આવેલી બીજી ઘણી સ્ત્રીઓ પણ ત્યાં હતી(માર્ક ૧૫, ૪૦-૪૧). આ ઘણી સ્ત્રીઓમાં પીતરની પત્ની પણ એક હોઈ શકે.

પાઉલે કરિંથના ધર્મસંઘ પર લખેલા પહેલા પત્રમાંથી પણ આપણે માની શકીએ કે પીતરની પત્ની પણ ઈસુ અને તેમની ટૂકડી સાથે ફરતી હતી. પોતાના બચાવમાં પોતાના ટીકાકારોને પાઉલ પૂછે છે કે, પ્રભુના ભાઈઓ અને કેફાની (પીતરની) પેઠે અમને પણ શું પોતાની ધર્મપ્તનીને સાથે લઈ જવાનો અધિકાર નથી?(૧ કરિંથ ૮, ૫). અહીં પાઉલ નિર્દેશ કરે છે કે પીતર પોતાની પત્નીને પણ સાથે લઈને ઈસુ જોડે ગામેગામ ફરતા હતા કે ઈસુના પુનરુત્થાન પછી નવા ખ્રિસ્તી પંથને આગેવાની પૂરી પાડતા પીતરની પડખે એમની પત્ની પણ રહેતી હતી.

પીતરને નવા કરારમાં લખેલા પોતાના પ્રથમ પત્રમાં આદર્શ સ્ત્રીને ચીતરી છે. કદાચ પીતરે પોતાની પત્ની અને સાસુના સ્ત્રીત્વનો નમૂનો પોતાના મનમાં રાખીને પ્રસ્તુત પત્ર લખ્યો હશે. પીતર લખે છે, પત્નીઓ, તમે તમારા પતિઓના કહ્યામાં રહેજો, જેથી તેમનામાં કોઈ શુભસંદેશને માનતા ન હોય તો તમારા એક શબ્દ પણ કહ્યા વગર, તમારા આદરયુક્ત પવિત્ર આચરણ માત્રથી જ, પ્રભુને માર્ગે ખેંચાઈ આવે. તમારે શણગાર બહારનો ન હોય, જેમ કે વેણી ગૂંથવી, સોનાનાં ઘરેણાં અને ભાતભાતનાં વસ્ત્રો પહેરવાં, પણ અંતરનો ચારિત્ર્યનો હજો. સૌમ્ય અને શાંત સ્વત્રાવ એ જ તમારો અવિનશ્વર અલંકાર હોય એનું જ ઈશ્વરની નજરમાં ભારે મૂલ્ય છે. ઈશ્વરને આધારે રહેનારી પ્રાચીન કાળની પવિત્ર સ્ત્રીઓ પણ એ જ રીતે પોતાને શણગારતી

હતી. તેઓ પતિના કહ્યામાં રહેતી હતી (૧ પીતર ૩, ૧-૫).

આપણે જાણીએ છી તેમ પીતર મિજાજી અને લાગણીવશ માણસ હતો. આ સ્વાભાવિક વિશિષ્ટતાને કારણે પીતરને પ્રથમ ખ્રિસ્તીઓની આગેવાની પૂરી પાડવામાં ઘણી મૂશ્કેલીઓ નડી હશે. આવા સંદર્ભમાં પીતરની પત્ની અને સાસુ એને માટે સ્ત્રી-સહજ સલાહસૂચન અને સાંત્વન આપ્યાં હશે અને એને યોગ્ય રસ્તે પ્રથમ ખ્રિસ્તી ધર્મને જરૂરી આગેવાની પૂરી પાડવામાં મદદરૂપ થઈ હશે.

આપણી પીતર વિશે, એની પત્ની તથા સાસુ વિશે જે કંઈ જાણીએ છીએ, તેમાંથી માની શકીએ કે પીતરની પત્ની તથા સાસુએ એની સારી સારસંભાળ રાખી હશે અને પોતાનું ઘર સાચવવામાં અને ત્યાં આવતા મહેમાનોનો ઉમળકાથી આદરસત્કાર કર્યો હશે.